For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in



# રેડ એલર્ટ આર્મી સ્ટેન્ડબાય

# દ.ગુ.માં 48 કલાક અતિભારે વરસાદની આગાહી



## શેલ્ટર હોમ તૈયાર કરી દેવાયા, નીચાણવાળા વિસ્તારના લોકોને સ્થળાંતર કરી લેવા અપીલ

## કર્મચારીઓને ઘરે જલદી મોકલી દેવા સંસ્થાઓને તંત્રની સૂચના, બિનજરૂરી બહાર નહીં નીકળવા અપીલ

**સુરતઃ હવામાન વિભાગ દ્વારા સુરત જિલ્લામાં આગામી ત્રણ દિવસ ભારેથી અતિભારે વરસાદ અને તીવ્ર પવનની આગાહી કરવામાં આવતા સમગ્ર દ.ગુ.નું તંત્ર હાઈ એલર્ટ પર મુકાઈ ગયું છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને મ્યુનિ.કમિ. એમ.નાગરાજન, જિલ્લા કલેક્ટર તેજસ પરમાર, ડીડીઓ ડીપી મીના, ડીવાયએસપી રાજેશ ગઢીયા દ્વારા નાગરિકોને બિનજરૂરી બહાર ન નીકળવા, માત્ર અધિકૃત માહિતી પર વિશ્વાસ રાખવા અને સંપૂર્ણ સતર્કતા રાખવા અપીલ કરી છે.**

...અનુસંધાન પાના 5 પર


ગેમઝોન બંધ

## સુરત, તાપી, નવસારી, વલસાડ, નર્મદા, ભરૂચ, ડાંગ, સંઘપ્રદેશની તમામ શાળા-કોલેજોમાં આજે રજા

સુરત, વલસાડ, નવસારી, બીલીમોરા, સાપુતારાઃ સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદના રેડ એલર્ટને પગલે સુરત, તાપી, ભરૂચ, નર્મદા, નવસારી, વલસાડ તેમજ ડાંગ જિલ્લા ઉપરાંત સંઘપ્રદેશમાં તમામ સરકારી, અનુદાનિત તેમજ ખાનગી શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી છે. બીજી તરફ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ પણ તેના કાર્યક્ષેત્ર હેઠળ આવતી તમામ કોલેજોમાં શૈક્ષણિક કામગીરી સ્થગિત રાખી રજા જાહેર કરવાનો નિર્ણય લીધો છે. સુરતના જિલ્લા શિક્ષણાધિકારીએ કહ્યું હતું કે, અગાઉ ભારે વરસાદને કારણે જાહેર કરવામાં આવેલી બે રજાઓ ઉપરાંત આજે જાહેર કરાયેલી રજાના કારણે શિક્ષણકાર્યમાં થનારા નુકસાનની ભરપાઈ સ્થાનિક કક્ષાએ અન્ય રજાના દિવસોમાં અથવા યોગ્ય આયોજન દ્વારા કરવામાં આવશે. તમામ શાળાઓને વિદ્યાર્થીઓના અભ્યાસક્રમને સમયસર પૂર્ણ કરવા માટે

...અનુસંધાન પાના 5 પર

# રેડ એલર્ટથી કાપડ વેપારીઓને મહિનામાં ત્રીજી વખત માલ ઉપર ચડાવવાની નોબત

**તમામ** માર્કેટ્સમાં જનરેટર સેટની તપાસ કરવા અને સર્વિસિંગ કરાવી લેવા માટે ફોસ્ટાની સૂચના

સુરતઃ શહેરમાં આવતીકાલે 31 જુલાઈના રોજ અતિભારે વરસાદની આગાહીના પગલે ફેડરેશન ઓફ સુરત ટ્રેડ એન્ડ ટેક્સટાઇલ એસોસિએશન (FOSTTA) દ્વારા શહેરની તમામ કાપડ માર્કેટોના પ્રમુખો, સચિવો, મેનેજરો અને વેપારીઓ માટે મહત્વપૂર્ણ એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે. ફોસ્ટાએ 'આજની સાવધાની, આવતીકાલની સુરક્ષા'નો સંદેશ આપતાં વેપારીઓને ગભરાવાને બદલે સતર્ક રહી જરૂરી તકેદારી રાખવા અનુરોધ કર્યો છે. ફોસ્ટાના પ્રમુખ હંસરાજ જૈન અને મહામંત્રી દિનેશ કટારિયાની સહી સાથે જાહેર કરાયેલા પરિપત્રમાં જણાવાયું છે

...અનુસંધાન પાના 5 પર

## તમામ ઝોનમાં 24×7 કંટ્રોલ રૂમ શરૂ, ડુમસ સી ફેસ બંધ, ફાયરની બોટ સ્ટેન્ડબાય કરાઈ

ભારે વરસાદની આગાહીને પગલે સુરત મહાનગરપાલિકા દ્વારા તંત્રને પૂર્વ તૈયારીઓ રાખવાની સૂચના સાથે નાગરિકો માટે સાવચેતીની અપીલ જારી કરવામાં આવી છે. વહીવટી અને ફિલ્ડ લેવલ પર તમામ અધિકારીઓ અને કર્મચારીઓને તાત્કાલિક હાજર રહેવા, ICCC ખાતે નોડલ અધિકારીઓને તૈનાત કરવા તથા તમામ ઝોનમાં 24×7 કંટ્રોલ રૂમ કાર્યરત કરવામાં આવ્યા છે. જાહેર સલામતી માટે તા. 30 જુલાઈથી બે દિવસ સુધી તમામ ટેમ્પરરી સ્ટ્રક્ચર, ઓપન ગેમ ઝોન, મેરેજ હોલ, પાર્ટી પ્લોટ, મેળાઓ તથા ડુમસ સી-ફેસ બંધ રાખવાના આદેશ અપાયા છે. કોઈપણ કટોકટીની સ્થિતિને પહોંચી વળવા માટે જાનમાલની સુરક્ષાને પ્રાથમિકતા આપીને તમામ ફાયર સ્ટેશનો પર 24 ફાયર ટીમો અને 16 બોટ સ્ટેન્ડબાય રખાઈ છે. જ્યારે નીચાણવાળા વિસ્તારો અને જર્જરિત ઇમારતોમાંથી

...અનુસંધાન પાના 5 પર

## ડુમસ બીચ પર આગામી બે દિવસ જવા પર સંપૂર્ણ પ્રતિબંધ

ભારે વરસાદની સ્થિતિન ધ્યાનમાં રાખીને સુરત જિલ્લા વહીવટી તંત્ર અને સહાયક મત્સ્યોદ્યોગ નિયામક પી. એચ. કોટડિયા દ્વારા સુરતના પ્રખ્યાત ડુમ્મસ બીચ પર જવા પર આગામી 2 દિવસ માટે સંપૂર્ણ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. દરિયામાં ભારે કરંટ સાથે ઊંચા મોજાં ઉછળવાની

...અનુસંધાન પાના 5 પર

## જરૂર જણાય તો તમામ સીઈટીપી પણ બંધ કરવામાં આવશે

ભારે વરસાદની સ્થિતિમાં જિલ્લાની તમામ પાંડેસરા, પલસાણા, સચીન અને કડોદરા જીઆઈડીસીઓને સાવધ રહેવા માટે કહેવાયું છે. ઉદ્યોગકારો વહિવટી તંત્ર અને જીપીસીબી સાથે સંકલનમાં રહીને નિર્ણય કરશે. જરૂર પડે તો તેમના યુનિટ બંધ કરવા પણ અપીલ કરવામાં

...અનુસંધાન પાના 5 પર

## શેલ્ટર હોમ તૈયાર, જોખમી હોર્ડિંગ્સ, વીજપોલ, સ્ટ્રક્ચર ઉતારી લેવાયાં

ભારે વરસાદના એલર્ટને પગલે સુરત મનપા દ્વારા શહેરમાં જોખમી ગણાયેલા 155 હોર્ડિંગ્સ, 21 વીજપોલ અને 18 સ્ટ્રક્ચર સાવચેતીના ભાગરૂપે ઉતારી લેવામાં આવ્યા છે. ઉપરાંત મ્યુનિ. કમિ. દ્વારા જણાવાયું છે કે, જો કોઈ વિસ્તારમાં પાણી ભરાવા કે પૂર જેવી

...અનુસંધાન પાના 5 પર

# 'આવા કમિશનર હોદ્દા પર હોય તો રાજ્યની કેવી ઇમેજ ઊભી થાય?'

**સુરત** નાસીરનગર ડિમોલિશન કેસમાં સુરત મનપાના કમિશનર મામલે ગુજરાત હાઈકોર્ટની રાજ્ય સરકારને ભારે ફટકાર

**અધિકારીઓ** કંઈ પણ કરે તો શું તેમને હાથ ના લગાવી શકાય?



અમદાવાદ : સુરતના બહુચર્ચિત અને 'ભૂતિયા ડિમોલિશન' તરીકે ઓળખાતા નાસીરનગર કેસમાં ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકાર અને SMCની આકરી ઝાટકણી કાઢી છે. 26 અરજદારો દ્વારા કરવામાં આવેલી અરજી પર યોજાયેલી સુનાવણી દરમિયાન ગુજરાત હાઈકોર્ટના જસ્ટીસ નિખિલ કરિયેલે સુરત મનપાના કમિશનરને હજુ સુધી હોદ્દા પર યથાવત્ રાખવા સામે ગંભીર પ્રશ્નાર્થ ચિહ્ન મૂકતા ટિપ્પણી કરી હતી કે, 'SMC કમિશનરને હટાવવા કે ન હટાવવા તે ભલે રાજ્યનો નિર્ણય હોય, પણ તેનાથી રાજ્યની કેવી ઇમેજ ઊભી થાય છે? શું અધિકારીઓ કંઈ પણ કરે તો તેમને હાથ જ નહીં લગાવી શકાય? આ રીટની વધુ સુનાવણી આગામી સુનાવણી હવે 10 ઓગસ્ટે થશે.

સુરત વેડદરવાજા નજીક આવેલા નાસીરનગરમાં પાલિકાએ નોટિસ આપ્યા વગર જ પોલીસ બંદોબસ્ત સાથે 100 જેટલા મકાનો તોડી પાડતાં મામલો હાઇકોર્ટમાં પહોંચ્યો હતો.

સુનાવણી દરમિયાન જસ્ટિસ નિખલ કરિયેલે સુરત મનપાના કમિશનરના હોદ્દા પર રહેવા અંગે ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, જે અધિકારી સામે આટલા ગંભીર આક્ષેપો છે તે જ પદ પર રહેશે તો શું તપાસમાં હસ્તક્ષેપ નહીં થાય? કોર્ટે કટાક્ષ કરતા એમ

...અનુસંધાન પાના 5 પર

### હાઇકોર્ટમાં થયેલી દલીલ

**સરકારી વકીલ :** સમગ્ર પ્રકરણની રાજ્ય સ્તરે તટસ્થ તપાસ ચાલી રહી છે. મ્યુનિસિપલ વહીવટમાં નિષ્ણાત બે ઉચ્ચ અધિકારીઓની સમિતિની રચના કરવામાં આવી છે, જેમાં અન્ય અધિકારીઓનો પણ સમાવેશ કરાયો છે. આ સમિતિને 60 દિવસમાં તપાસ પૂર્ણ કરીને અહેવાલ રજૂ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે, જેમાંથી હજુ માત્ર 10 દિવસ જ પૂર્ણ થયા હોવાનું સરકારે કોર્ટને જણાવ્યું હતું. સરકાર તરફથી ખાતરી આપવામાં આવી કે જે પણ અધિકારીની જવાબદારી નક્કી થશે તેની સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે અને પોલીસની કામગીરીની પણ અલગથી તપાસ કરાશે.

**એડીજી :** એડવોકેટ જનરલ કમલ ત્રિવેદીએ દલીલ કરી હતી કે કેટલીક પરિસ્થિતિમાં કાયદા મુજબ પૂર્વ નોટિસ વિના પણ દબાણ દૂર કરી શકાય છે.

**હાઇકોર્ટ :** કોર્ટે યાદ અપાવ્યું કે સુરત મહાનગરપાલિકાનું શરૂઆતથી જ સ્ટેન્ડ એવું રહ્યું હતું કે સ્થળ પર માત્ર ડીમાર્કેશન કરવાની કાર્યવાહી હાથ ધરવાની હતી.

**સરકારી વકીલ :** વર્ષોથી રોડ લાઇન અસ્તિત્વમાં હતી અને તે આધારે કાર્યવાહી થઈ હતી, પરંતુ ડીમાર્કેશન દરમિયાન થયેલા ડિમોલિશન અંગે જ હવે તપાસ ચાલી રહી છે.

**હાઇકોર્ટ :** અરજદારો તરફથી બે એફિડેવિટ દાખલ કરીને દાવો કરવામાં આવ્યો હતો કે જ્યાં ડિમોલિશન થયું તે જમીન ખાનગી માલિકીની હતી.

**જમીન માલિકના વકીલ :** વર્ષ 1981માં રોડ લાઇન નક્કી થયા બાદ જરૂરી જમીનનો ભાગ સુરત મહાનગરપાલિકાને સોંપી દેવામાં આવ્યો હતો.

**હાઇકોર્ટ :** હાઇકોર્ટે સીધો સવાલ કર્યો કે શું તેમના કહેવાથી ડિમોલિશન કરાયું હતું, જેના જવાબમાં તેમણે સ્પષ્ટ ઇનકાર કર્યો હતો.

**હાઇકોર્ટ :** 'જો રોડ લાઇન પર દબાણ હોય તો પણ કાયદાકીય પ્રક્રિયાનું પાલન કરવું અનિવાર્ય છે અને નોટિસ આપ્યા વિના કોઈપણ સંજોગોમાં ડિમોલિશન કરી શકાય નહીં.' સાથે જ કોર્ટે નોંધ્યું હતું કે હાલમાં સમગ્ર ઘટનાને લઈને કોર્ટ સમક્ષ જુદા જુદા વર્ઝન રજૂ થઈ રહ્યા છે, તેથી આ તબક્કે કોણ સાચું અને કોણ ખોટું છે તે અંગે કોઈ નિષ્કર્ષ આપી શકાય નહીં.

**સરકારી વકીલ :** હાલ સરકારનું મુખ્ય ધ્યાન ડિમોલિશનથી પ્રભાવિત પરિવારોના પુનર્વસન અને સમગ્ર ઘટનાની નિષ્પક્ષ તપાસ પર કેન્દ્રિત છે. કોર્ટે આ મામલે રાજ્ય સરકારને ગંભીરતાથી કાર્યવાહી કરવાની સૂચના આપતાં 10 ઓગસ્ટે તપાસની પ્રગતિ, જવાબદાર અધિકારીઓ સામેની કાર્યવાહી અને પુનર્વસનની સ્થિતિ અંગે વિગતવાર અહેવાલ રજૂ કરવા જણાવ્યું છે.

# યુવાનોમાં હાર્ટએટેકની કમિટીની સ્થિતિ 3 વર્ષ પછી પણ જૈસે થે!

**કોવિડ-**19 કોરોના વાયરસના સંક્રમણ પછી વિતેલાં વર્ષોમાં વધેલા કાર્ડિયાક અરેસ્ટના મામલામાં સરકાર શું છુપાવવા માંગે છે?

સુરતઃ સુરત શહેર સમગ્ર ગુજરાતમાં કોવિડ 19 કોરોના વાયરસનાં સંક્રમણ પછી છેલ્લા કેટલાક વર્ષોથી હાર્ટ એટેક અને કાર્ડિયાક અરેસ્ટ ના બનાવોમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો હોવાની ચર્ચાઓ વચ્ચે સરકારની કામગીરી અંગે ફરી સવાલો ઊભા થયા છે. જાગૃત નાગરિક અને સામાજિક કાર્યકર રમેશભાઈ ઉર્ફે રણમલભાઈ જીલરિયાએ માહિતીના અધિકાર (આરટીઆઈ) હેઠળ મેળવેલી માહિતીના આધારે દાવો કર્યો છે કે વર્ષ 2023માં હાર્ટ એટેકના વધતા બનાવોની તપાસ માટે રાજ્ય સરકારે રચેલી સમિતિનો નિર્ણય હજુ સુધી અનિર્ણિત હોવાનું જાહેર માહિતી અધિકારીએ જવાબમાં જણાવ્યું છે.

કોવિડ 19 કોરોના વાયરસનાં સંક્રમણ પછી વિતેલા વર્ષોમાં વધેલા કાર્ડિયાક અરેસ્ટના મામલામાં સરકાર શું છુપાવવા માંગે છે? એવા વેધક સવાલ સાથે તેમણે જણાવ્યું હતું કે, વર્ષ 2023 દરમિયાન રાજ્યમાં સતત વધી રહેલા હાર્ટ એટેકના બનાવોને લઈને ભારે ચર્ચા થઈ હતી. ત્યારબાદ તા. 23 ઓક્ટોબર, 2023ના રોજ યુ.એન. મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર ખાતે હાર્ટ એટેકના વધતા બનાવોની તપાસ માટે નિષ્ણાત સમિતિની રચના કરવામાં આવી હતી. તે સમયના રાજ્યના આરોગ્ય મંત્રીએ આ સમિતિની જાહેરાત કરી હતી.

આ સમિતિની કામગીરી અને હાર્ટ એટેકના બનાવોને લગતી માહિતી મેળવવા માટે રમેશભાઈએ આરોગ્ય વિભાગમાં આરટીઆઈ અરજી કરી હતી, જે બાદમાં યુ.એન. મહેતા ઇન્સ્ટિટ્યૂટ ખાતે મોકલવામાં આવી હતી. આરટીઆઈમાં વર્ષ 2021થી 2024 દરમિયાન હાર્ટ એટેક અથવા કાર્ડિયાક એટેકના કારણે કેટલા લોકોનાં મૃત્યુ થયા તેની વિગતો માંગવામાં આવી હતી. જોકે, જાહેર માહિતી અધિકારીએ જવાબમાં જણાવ્યું હતું કે આવી માહિતી અલગથી જાળવવામાં આવતી નથી તથા તે માટે રેકોર્ડની ચકાસણી કરવી પડે. અરજદારના જણાવ્યા મુજબ, મૃત્યુઆંક અંગે કોઈ ચોક્કસ માહિતી આપવામાં આવી નહોતી.

આરટીઆઈના બીજા મુદ્દામાં તા. 23 ઓક્ટોબર, 2023ના રોજ રચાયેલી સમિતિએ અત્યાર સુધીમાં શું કાર્યવાહી કરી અને તેનો અહેવાલ શું છે તે અંગે માહિતી માંગવામાં આવી હતી. તેના જવાબમાં જાહેર માહિતી અધિકારીએ સમિતિનો નિર્ણય હજુ પણ અનિર્ણિત હોવાનું જણાવ્યું હોવાનું રમેશભાઈએ જણાવ્યું છે.

...અનુસંધાન પાના 5 પર

# સુરતની જેમ નવસારી-વલસાડના પૂરગ્રસ્તોને પણ રાહતો મળશે

**કૃષિમંત્રી** જીતુ વાઘાણીએ પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત દરમિયાન કરી જાહેરાત

**પાક** નુકસાનનો તાત્કાલિક સરવે, પુન:વસનની સાથે ખેડૂતોને પણ વળતર મળશે

ગાંધીનગરઃ દક્ષિણ ગુજરાતમાં અતિભારે વરસાદ અને પૂરથી અસરગ્રસ્ત વેપારીઓ તથા ખેડૂતોને રાહત આપવા રાજ્ય સરકારે મહત્વપૂર્ણ નિર્ણય જાહેર કર્યો છે. વલસાડ અને નવસારી જિલ્લાના પૂરગ્રસ્ત વેપારીઓ, લારી-ગલ્લા ધારકો અને દુકાનદારોને અમદાવાદ અને સુરતમાં અપાયેલી સહાયના ધોરણે આર્થિક પુનઃવસન સહાય આપવામાં આવશે. સાથે જ ખેતીવાડી અને બાગાયત પાકોને થયેલા નુકસાનનો તાત્કાલિક સર્વે હાથ ધરી કેન્દ્ર અને રાજ્ય સરકારના ધારા-ધોરણો મુજબ ખેડૂતોને સહાય ચૂકવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. રાજ્યના કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ ગુરુવારે વલસાડ જિલ્લાના પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત દરમિયાન આ મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી.

વાઘાણીએ ગુરુવારે વલસાડ જિલ્લાના પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત દરમિયાન દક્ષિણ ગુજરાતના અસરગ્રસ્ત વેપારીઓ અને ખેડૂતો માટે મહત્વપૂર્ણ રાહતની જાહેરાત કરી હતી. વલસાડ અને નવસારી જિલ્લાના પૂરથી અસરગ્રસ્ત વેપારીઓ, લારી-ગલ્લા ધારકો અને દુકાનદારોને અમદાવાદ અને સુરતમાં અપાયેલી સહાયના ધોરણે આર્થિક પુનઃવસન સહાય આપવામાં આવશે. સાથે જ ખેતીવાડી અને બાગાયત પાકોને થયેલા નુકસાનનો તાત્કાલિક સર્વે હાથ ધરી કેન્દ્ર અને રાજ્ય સરકારના ધારા-ધોરણો મુજબ ખેડૂતોને સહાય ચૂકવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

...અનુસંધાન પાના 5 પર

## જૂના અંબાજી મંદિરે 64 ખંડ ધરાવવાની પરંપરા યથાવત



સુરતઃ ભાગળ ખાતે આવેલ ઐતિહાસિક જૂની અંબાજી મંદિર ખાતે વર્ષોથી ચાલી આવતી 64 ખંડ અર્પણ કરવાની અનોખી અને શ્રદ્ધા ભરી પરંપરાનું ભક્તિભાવપૂર્વક પાલન કરવામાં આવે છે . મોટી સંખ્યામાં ભાવિકોએ માતાજીના દર્શન કરી આશીર્વાદ મેળવે છે . મંદિર સાથે સંકળાયેલી આ પ્રાચીન પરંપરા આજે પણ અડગ શ્રદ્ધા અને વિશ્વાસ સાથે જળવાઈ રહી છે. મંદિર સાથે જોડાયેલી માન્યતાઓ મુજબ સંતાન પ્રાપ્તિની ઈચ્છા ધરાવતા દંપતી, લાંબા સમયથી અટવાયેલા કામ પૂર્ણ થાય તેવી પ્રાર્થના કરનાર ભાવિકો અથવા પરિવારના કોઈ સભ્ય ની તંદુરસ્તી માટે અથવા બાળક નહીં થતાં હોય એવા લોકો માતાજીની બાધા રાખે છે. ભક્તો અંબા માતા સમક્ષ પોતાની મનોકામના વ્યક્ત કરી 64 ખંડ અર્પણ કરવાની પ્રતિજ્ઞા લે છે. ત્યારબાદ તેમની મનોકામના પૂર્ણ થતાં તેઓ માતાજીના ચરણોમાં 64 ખંડ અર્પણ કરીને કૃતજ્ઞતા વ્યક્ત કરે છે.64 ખંડમાં વિવિધ પ્રકારની વાનગીઓનો સમાવેશ થાય છે. તેમાં રોટલી, શાક, શિખંડ સહિત અનેક પ્રકારની રસોઈ અને પ્રસાદીનો ભોગ માતાજીને અર્પણ કરવામાં આવે છે.

**(તસવીરઃ સતીષ જાદવ)**




શ્રદ્ધાંજલિ

તમારૂ જીવન અમારી વચ્ચે નથી રહ્યું પરંતુ, તમારી સ્મૃતી હર હંમેશ અમારા હૈયે કોતરાયેલી રહેશે, અમોને આજીવન આપની ખોટ અનુભવાસે, જ્યાં સુધી જીવશું ત્યાં સુધી હર પળે તમને યાદ કરતા રહીશું. પ્રભુ આપના દિવ્ય આત્માને ચિર શાંતી અર્પે એજ પ્રાર્થના

સ્વ. દર્શના ગુજરાતી (USA) સ્વ. તા. ૨૫.૦૭.૨૦૨૬

લિ. સ્વ. હરિશચંદ્ર ડા. પટેલ, ગં.સ્વ. હેમા હરિશચંદ્ર પટેલ, પરિમલ એચ. પટેલ, રાકેશ માંડલેવાળા, ડૉ. નિલેશ પટેલ (USA), વિકાસ બોડીવાળા, ડૉ. દેવેશ પટેલ (USA), પ્રીતેશ પટેલ (USA)



૧૫ મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ, નૈનં દહતિ પાવક : ન ચૈનં ક્લેદયન્ત્યાપો, ન શોષયતિ મારૂત : (આત્માને શસ્ત્રો છેદી શકતા નથી, એને અગ્નિ બાળી શકતો નથી, એને પાણી પલાળી શકતું નથી, એને પવન સુકવી શકતો નથી.)

સ્વ.વાસુદેવ વસંતલાલ દોરીવાળા, સ્વ.તા.૩૧.૦૭.૨૦૧૧, અખાત્રીજ વિ.સં.૨૦૦૬ થી શ્રાવણ સુદ પડવો વિ.સં.૨૦૬૭

લિ. કપિલાબેન વાસુદેવ દોરીવાળા, તેજસ વાસુદેવ દોરીવાળા, ચૈતાલી તેજસ દોરીવાળા, મેહુલ વાસુદેવ દોરીવાળા, નેહા મેહુલ દોરીવાળા, પ્રતિક વાસુદેવ દોરીવાળા, ક્રિષ્ના પ્રતિક દોરીવાળા, ટીશા, મોહિત, પલક, ક્રિશિવ, ગીત અને હર્ષિવના જય શ્રી કૃષ્ણ

અવસાન, બેસણું, શ્રદ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર — જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦



હાર્દિક શ્રદ્ધાંજલિ

આદિવાસી પશુપાલકોના ઉદ્ધારકને હાર્દિક શ્રદ્ધાંજલિ. સતત ૫૦ વર્ષો સુધી ગરીબ પશુપાલકોના ઉધ્ધાર કરવામાં પોતાનું સાદગીભર્યું જીવન સમર્પિત કરનાર, ગાંધીજી-સરદાર-શાસ્ત્રીજી-ડો.કુરીયન-મણીભાઈ દેસાઈ (BAIF) પછી ગૌસંવર્ધનનો પથ પકડનાર તથા ગરીબ પશુપાલકને ઘરે-ઘરે ગાય પહોંચાડનાર સાચા ભારત-રત્ન સમા વશી સાહેબને હાર્દિક શ્રદ્ધાંજલિ. તેમનો આત્મા પરમ શાંતિ પામે એવી ઈશ્વરને પ્રાર્થના.

સ્વ. શ્રી નરેન્દ્રભાઈ વશી

જયેશ દેલાડ (ખેડૂત આગેવાન)

છઠ્ઠી પુણ્યતિથીએ શ્રદ્ધાંજલિ



સ્વ.દેવચંદભાઈ જગુભાઈ પટેલ, સ્વ.તા.૩૧/૦૭/૨૦૨૦

તમારા મધુર સ્મરણો અંકિત છે અમારા હૃદયમાં, તમારા કર્મોની સુવાસ જીવંત છે અમારા શ્વાસમાં, સદેહે તમે નથી એ સચ્ચાઈ છે પણ અસ્તિત્વમાં તમે છો અને રહેશો એ વિશ્વાસ છે. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

લિ. નિરવ હર્ષદભાઈ પટેલ (જમાઈ), જાગૃતિ નિરવભાઈ પટેલ (પુત્રી), નિરાલી, હાર્દિક, અનેરી

સરનામું : ૧૫, શ્રીરંગકૃપા સોસાયટી, જમનાનગર, ઘોડદોડ રોડ, સુરત.

ભાવભરી શ્રદ્ધાંજલિ



સ્વ. સહદેવસિંહ સિદ્ધરાજસિંહ ઝાલા

ધી સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફીસ એમ્પ્લોઈઝ કો.ઓ.હાઉસીંગ સોસાયટી લી. "સિધ્ધાર્થ કોમ્પલેક્ષ" ના ઉપ પ્રમુખ સ્વ. સહદેવસિંહ સિધ્ધરાજસિંહ ઝાલા નું તા. ૨૫-૦૭-૨૦૨૬ ને શનિવાર ના રોજ દુઃખદ અવસાન થયુ છે. સંસ્થાના સાચા સેવક - ઉપપ્રમુખ નું પદ સંભાળતા એક નિષ્ઠાવાન, પ્રમાણિકતાના પ્રતિક સમા એવા સ્વ. સહદેવસિંહ ઝાલા, એમની અચાનક આપણી વચ્ચેથી વિદાય થયેલ હોઈ અમો સર્વે ખુબ જ દુખની લાગણી અનુભવીએ છીએ. પ્રભુ આપના આત્માને ચિર શાંતિ આપે એજ પ્રાર્થના.

લિ. અમો, ધી સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફીસ એમ્પ્લોઈઝ કો.ઓ.હાઉસીંગ સોસાયટી લી. ના હોદ્દેદારો, કમિટિ સભ્યો તથા સર્વે સભાસદ ભાઈ - બહેનો